## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*મીડિયામાં રોજ પ્રચારનો ઝિંકાય છે હથોડો!*
*સમીક્ષાના નામે વારંવાર વિંઝાય છે હથોડો!*
*મિંચાય છે આંખો, થીજાય અશ્રુ, ભીંજાય ભગ્ન હૈયાં -*
*સરકારી નીતિએ કોર્ટનો ઠોકાય છે હથોડો...*

હાઈકુ

*ધર્મ વૈવિધ્ય!*
*ને સંસ્કાર વૈવિધ્ય !*
*રાષ્ટ્રીય ઐક્ય!!*
*(માંસાહાર - ચર્ચાસ્પદ)*

*દગાબાજીના*
*મારે છે ચોગા-છગ્ગા*
*ખેલ આતંકી!!*
*(ને હજી ક્રિકેટ રમવું છે)*

### ચિંતન

*નાસ્તિકાર્યં ધૂતપ્રવર્તસ્ય ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જુગારી વ્યક્તિને ધૂત રમવા સિવાય અન્ય કોઈ કાર્ય હોતું નથી કારણ કે એનું મન જુગારની હારજીતમાં જ સતત રમતું હોવાથી તે પોતાનાં અન્ય કર્તવ્યોને વીસરી જાય છે. આથી જુગારી રાજા, જુગારી મંત્રીઓ અને જુગારી શાસનાધિકારીઓ રાષ્ટ્રનો વિનાશ નોતરે છે.**

**યેનકેન પ્રકારે સત્તાની બાજી જીતની એ પણ જુગારી સ્વભાવ જ છે. રાજકીય ચાલબાજી, ભાંગફોડ, દગાબાજી છેતરપીંડી એ બધા જુગારીઓના ગુમધર્મ છે. ચોરનું મન, સુથારનું મનની જેમ સત્તાધીશનું મન 'ખૂરશી'માં જ હોય છે.**

### સુવિચાર

- ઘણ ને ઘા ખાય તે ઘાટ પામે, આગમાં જલે તો વાસણ પાકું થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘરડા થવું એ બીજું કંઈ નથી, પણ પડેલી ખોટી ટેવ છે,
  ઉદ્યમી માણસને તો એવી ટેવ પાડવાનો વખત જ મળતો નથી - **સંત જોસેફ**
- જે બુદ્ધિપૂર્વક કામ કરતો નથી એ અંધશ્રદ્ધાળુ છે, જે બુદ્ધિ ચલાવી શકતો નથી,
  એ મૂર્ખ છે અને જે બુદ્ધિ ચલાવતા ડરે છે તે ગુલામ છે - **અખંડ આનંદ**
- જે મારા તરફ વળેલો છે તેવા માનવી (એટલે એવા ગુરુએ) બતાવેલ માર્ગે ચાલો - **કુરાન**
- અલ્પાત્માને માપવા સત્યનો ગજ કરી ટૂંકો ન થાઓ - **ગાંધીજી**
- આજનું ઔષધ : માથું ભારે લાગતું હોય તો ચાર લવીંગ અને અડધી ચમચી સૂંઠની પેસ્ટ બનાવી કપાળ પર લગાડવાથી રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ડૉ. ઝાકીર હુસેન કૉલેજના અધ્યાપક હતા ત્યારે એમની પાસે એમનો એક જૂનો વિદ્યાર્થી એક યુવાન ને લઈ ને આવ્યો. જે ધોરણ નવાં બે વરસથી નાપાસ થતો હતો. શિષ્યની ઈચ્છા હતી કે ઝાકીર સાહેબ કંઈક વગ કરીને આને પાસ કરાવી દે. ઝાકીર સાહેબે શિષ્યની વાત સાંભળીને કહ્યું, 'તમે એક કામ કરો, ઓફિસમાં જઈ કૉલેજના પ્રથમ વર્ષનું બી.એ.નું ફોર્મ લઈ આવો. હું આને બી.એ.માં જ દાખલ કરી દઉં કારણ કે તે પણ મારા અધિકારમાં આવે છે. ખોટું કામ કરાવવા આવ્યા છો તો પછી કોઈ મોટું ખોટું કરાવો ને!!'

શિષ્ય આવી વાત સાંભળીને શરમનો માર્યો નીચું જોઈને ચાલતો થયો.

ઘણા માણસો ખોટું કરાવવા માટે સામેની વ્યક્તિના પદની ગરિમા, જોખમ, સત્ય સિદ્ધાંત, નિષ્ઠાનો પણ વિચાર કર્યો વિના બેશરમ અપેક્ષાઓ રાખતા હોય છે.

# ભાજપ અયોધ્યાને શરણે

**તંત્રીસ્થાનેથી...**

ફરી એક વાર 'જય શ્રી રામ' ના નારાઓ સાથે ભારતીય જનતા પાર્ટીએ અધમ ઉદ્ધારણ ભગવાન રામનું શરણું ગ્રહણ કરી આગામી ચૂંટણીઓમાં રાજજન્મભૂમિના મુદ્દાને વટાવવાનો નિર્ણય કરી લીધો છે. લાલકૃષ્ણ અડવાણીની રામરથ યાત્રા પછી સાવ જ તળિયે બેસી ગયેલી પાર્ટીને માતબર સફળતાં સાંપડી હતી અને કાળક્રમે અટલબિહારી વાજપેયીની વડાપ્રધાન પદે તાજપોશી થઈ શકી હતી. રામ દેશની પ્રજા માટે શાશ્વત આસ્થાનું કેન્દ્ર રહ્યા છે. એમના નામે તો પથરા પણ તર્યા હતા તો પછી હિંદુઓની બહમતી ધરાવતા હિંદુસ્તાનમાં એમના નામે વોટના ઢગલા ન થાય તો જ નવાઈ. રામજન્મભૂમિ પર જ બાબરીનો ઢાંચો ખડો કરી દઈ સેંકડો વર્ષો પૂર્વે ગુલામ હિંદુ પ્રજાની આસ્થા પર કુઠારાઘાત કરાયો હતો, એ મુદ્દે બે મત ન જ હોઈ શકે. દેશોમાં ઈસ્લામી શાસનના પ્રવેશ પછી અલાઉદ્દીન ખલજી જેવા શાસકો દ્વારા અને તે પછીના મોગલ શાસન કાળમાં ઈસ્લામના પ્રચારને નવાબો અને બાદશાહો પવિત્ર કાર્ય સમજતા હતા અને સ્થાનિક પ્રજાજનોની લાગણીનો જરા પર ખ્યાલ રાખ્યા વગર હિંદુ મંદિરોને ખંડિત કે ભ્રષ્ટ કરી તે જ જગ્યાએ મસ્જિદો બનાવી દઈ ખુદાને ખુશ કરવા હોવાના ભ્રમમાં રાચતા હતા. અયોધ્યા, કાશી અને મથુરા જ કેમ, સિદ્ધપુરના રુદ્ર મહાલય જેવા શિવમંદિરની પણ એવી જ દુર્દશા કરાઈ હતી અને સોમનાથના મંદિરને તો ધ્વસ્ત કરીને જંપ્યા હતા. સદીઓ પુરાણો આક્રોશ પ્રજાજનોના હૈયે ભારેલા અગ્નિની જેમ દબાયેલો પડ્યો હતો, જેને આઝાદી પછીના કાળમાં હિંદુત્વવાળી પરિબળો વારંવાર પ્રજળતો રાખવાનો પ્રયાસ કરતાં રહ્યાં છે. આખરે બાબતી ઢાંચાને જમીનદોસ્ત કરી હિંદુત્વ સમર્થકોએ રામજન્મભૂમિ પર રામમંદિર બનાવવાનો શુભ સંકલ્પ જાહેર કર્યો પણ અદાલતો અને બંધારણથી બંધાયેલી સરકારોએ એનો અમલ ન થવા દીધો તે સર્વવિદિત છે. દેખીતું છે કે ભારતીય જનતા પાર્ટી આ મુદ્દે સતત રાજકારણ જ રમતી રહી છે, પરંતુ હવે જો સાનુકૂળ સંજોગો છતાં એ રામજન્મભૂમિ પર રામલલાનું મંદિર બનાવવાનું એનું વચન ન પાળી શકે તો પ્રજામાં એની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થો ઊભા થયા વિના ન જ રહે. આગામી ચૂંટણીઓના લિટમસ ટેસ્ટ કે રિહર્સલ જેવી ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી ભાજપે હિંદુ મતોના ધ્રુવીકરણથી જ જીતી હતી. હવે વિકાસનો મદ્દો ઝંખવાયો છે ત્યારે એ જ ધ્રુવીકરણ ફોર્મ્યુલા વધુ અસરકારક બનાવવા માટે ઉત્તરપ્રદેશનું સુકાન ગોરખપુરના ધર્માધ્યક્ષ યોગી આદિત્યનાથને સોંપાયું છે. યોગીએ ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રચાર દરમિયાન રામજન્મભૂમિનો મુદ્દો નિખાલસપણે ઉઠાવ્યો હતો અને ગાઈ વગાડીને જણાવ્યું હતું કે જો બાબરી ઢાંચો ધ્વસ્ત કરતાં આપણને કોઈ અટકાવી ન શક્યું હોય તો રામલલાનું મંદિર બનાવતાં કોણ રોકી શકવાનું છે ? - હવે પોતાના એ શબ્દો સાકાર કરવા મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીએ અયોધ્યાની મુલાકાત લઈ બાબરી ધ્વસ્તના તથાકથિત ગુનેગાર મહંત નૃત્યગોપાલ દાસના જન્મોત્સવમાં અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ભાગ લઈ એ જ મુદ્દેના હવા આપી છે. હનુમાનગઢી અને રામકી પૈડીથી લઈ સરયૂના ઘાટોની મુલાકાત સાથે રામલલાનાં દર્શન કરી યોગી આદિત્યનાથે ભારતીય જનતા પાર્ટીએ અધૂરું મૂકેલું 'નિર્માણ કાર્ય' પૂરું કરાવવાનો જ સંકેત પાઠવી દીધો છે. અદાલતો પણ ઈચ્છે છે કે વર્ષોથી ચાલ્યો આવતો વિવાદ બેઉ સમદાયો સર્વસંમતિથી ઉકેલે તે જ ઈચ્છનીય છે. એ સ્થિતિમાં હવે દેશભરમાં લઘુમતી સમાજ માટે શિરોવેદના બની રહેલ બાબરી મુદ્દે ખુદ મુસ્લિમ પક્ષકારો સમાધાનનો માર્ગ અપનાવે એવી શક્યતા વધી ગઈ છે. મુસ્લિમોના તુષ્ટીકરણ અને વોટબેંકના રાજકારણથી કોંગ્રેસ કે સમાજવાદી પાર્ટી જેવા રાજકીય પક્ષોને જે પ્રચંડ નુકશાન પહોંચ્યું છે, એ જોતાં રામજન્મભૂમિ સ્થળે રામમંદિરના નિર્માણ કાર્યમાં એમના તરફથી ખલેલ ઊભી થશે તો પણ તે ભારતીય જનતા પાર્ટી માટે તો ચૂંટણીલક્ષી મુદ્દો જ બની રહેશે. યોગી આદિત્યનાથની તાજપોશી જ આ મુદ્દે સાધુસંતો અને હિંજુ પ્રજા માટે મોટું આશ્વાસન સાબિત થયેલ છે. આશા રાખીએ કે બધું સમુંસૂતરું પાર પડે !

# શિરોધારા : આયુર્વેદની અદ્ભૂત થેરાપી

થોડા સમય પહેલા અક્ષયકુમારનો એક વિડીયો વાઈરલ થયેલો. એ વિડીયોમાં અક્ષયકુમાર એક આયુર્વેદ રિસોર્ટમાં થેરાપી લઈ રહ્યા હતા અને તેઓએ આયુર્વેદની મહાનતા અને અસરકારકતા વિષે લોકોને કહ્યુ હતું, પોતાનો અનુભવ પણ મુક્યો હતો. એ વિડીયોમાં એક અગત્યની વાત અક્ષયકુમારે એ કહેલી કે આયુર્વેદ રિસોર્ટમાં નેવું ટકા ફોરેનર હતા. ભારતીયો તો વેઢે ગણાય એટલા માંડ હતા. આ બાબત મુકવી એટલા માટે જરૂરી છે કારણકે આપણે પશ્ચીમી સંસ્કૃતિની સારી કરતા ખરાબ બાબતોનું આંધળું અનુકરણ કરીએ છીએ અને તેઓ આપણી સારી બાબતોને અપનાવે છે.



આયુર્વેદની વાત આવે એટલે આપણને આયુર્વેદની થેરાપીઓ દેખાય. આયુર્વેદમાં વર્ણીત પંચકર્મ ચિકિત્સા શરીરમાં વર્ષોથી ઘર કરી ગયેલા રોગોને જડમૂળમાં થી કાઢે છે અને શરીરને ડી-ટોક્સીફાઈ કરે છે. પંચકર્મ ચિકિત્સા ઉપરાંત આયુર્વેદની એક ખૂબ જાણીતી થેરાપી એટલે શિરોધારા. શિરોધારાનો ફોટો જોતા જ તમને આ થેરાપીની યાદ તાજી થઈ જશે. વ્યક્તિને આરામદાયક રીતે સુવાડી, તેના કપાળ પર સુખોષ્ણ એવા ઔષધીય તેલની ધારા કરવામાં આવે છે. લગભગ અર્ધો કલાક ચાલતી આ પ્રક્રીયા અનેક રીતે અસરકારક છે. શિરોધારા શ્રેષ્ઠ રીલેક્સીંગ થેરાપી છે. શિરોધારાથી વ્યક્તિ સ્ટ્રેસમુક્ત થાય છે. સતત અર્ધો કલાક કપાળ પર સુખોષ્ણ તેલની ધારા પડવી એ એટલો બધો આરામદાયક અને શાંતીભર્યો અનુભવ છે કે ઘણા દર્દીઓ થેરાપી દરમિયાન જ ઉંઘી જાય છે. શિરોધારા અનિંદ્રાને મટાડે છે. એક રિસર્ચ અનુસાર શિરોધારાની અસર અમુક સ્લીપીંગ પીલ્સ કરતા પણ વધુ સારી છે. નિયમીત રીતે શિરોધારા કરવાથી અનિદ્રાનો રોગ સંપૂર્ણપણે મટી શકે છે.

શિરોધારા શ્રેષ્ઠ હેઅર ટોનિક છે. શિરોધારાનું ઔષધિયુક્ત તેલ વાળના મૂળ સુધી જાય છે અને શોષાઈને અંદર ઉતરે છે. વાળના મૂળમાં રક્ત પરિભ્રમણ વધારે છે. વાળને ખરતા અટકાવે છે અને વાળની ગુણવત્તા સુધારે છે.




શિરોધારા માથાના દુખાવા અને માઈગ્રેન જેવા પીડાકારક રોગોમાં પણ ખૂબ અસરકારક છે. શિરિધારાથી યાદશક્તિ અને એકાગ્રતા વધે છે. શિરોધારા એક મેડીટેશન જેવો અનુભવ છે. શિરોધારાની પ્રોસેસ દરમિયાન વ્યક્તિ સંપૂર્ણપણે સ્વ એટલે કે પોતાની સાથે હોય છે. વ્યક્તિના વિચારો ઓછા થાય છે અને વ્યક્તિ કોઈ એક વિચાર પર સહેલાઈથી ધ્યાન કેન્દ્રીત કરી શકે છે.

આજના દોડધામ અને કોમ્પીટીશનવાળા યુગમાં દરેક વ્યક્તિ કોઈ ને કોઈ સ્ટ્રેસ-ટેન્શન લઈને ફરે છે. આ જ કારણે અનિદ્રા, ડીપ્રેશન, પાચનતંત્રના રોગો, માઈગ્રેન, ચિડિયાપણું, સામાજીક સબંધોમાં વિચ્છેદ આદિ અનેક તકલીફો થાય છે. શિરોધારા આ બધી તકલીફોનું ઉત્તમ ઓસડ છે. નિયમીતપણે શિરોધારા કરવાથી વ્યક્તિ આ બધા જ રોગોમાંથી મુક્ત થઈ સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવી શકે છે.

\- contact@atharvaayu.com

# એક વાત કેરીની, બીજી વાત બે કેરીની

એક બાજુ આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે અને બીજી બાજુ બજારમાં રસભરી કેરીઓનું ઘોડાપુર આવ્યું છે. જયાં જુઓ ત્યાં જૂનાગઢની કેસર, વલસાડ અને રત્નાગિરી હાફુસ કેરીઓના ખોખાં ખડકાઈ ગયા છે. હજુ બદામ કેરી ખાવામાં સસ્તી પડતી હોવાથી બજારમાં તેનું થોડું ઘણું વર્ચસ્વ ટકી રહ્યું છે. પણ પેલી દેશી કેરીઓનો ગરીબો સિવાય કોણ ભાવ પૂછવાનું હતું ? જો કે પાકી દેશી કેરીની મિઠાશ જેણે માણી છે તેઓ તો ગમે ત્યાંથી અસ્સલ મીઠી દેશી કેરી શોધી લાવવાના. તા.૩૦મી મે, ૨૦૧૭ના ગુજરાત સમાચાર અખબારમાં તલાલા યાર્ડ કેસર કેરીઓના અવિરત પ્રવાહથી છલકાઈ ગયું હોવાના સમાચાર છપાયા છે. એક દિવસમાં અધધધ કહી શકાય એટલી બેતાલીસ હજાર બોક્સની આવક થઈ હોવાના અહેવાલ છે. આ સીઝનમાં અત્યાર સુધીમાં કુલ્લે ૫.૭૫ લાખ બોક્સની આવક નોંધાઈ છે. સમગ્ર તલાલા માર્કેટ યાર્ડ કેસર કેરીની સુગંધથી મધમધી ઉઠ્યું છે. અરે આપણાં ગાંધીનગરમાં પણ દર પાંચ મિનિટે કોઈ ને કોઈ લારીવાળાની કે...એ...એ... એ... સ્સર કે..એ..એ..રીની બૂમ સાંભળવા મળે છે. જૂનાગઢ તરફથી અમદાવાદ-ગાંધીનગર આવતી કોઈ પણ બસ કે લકઝરીની તપાસ કરો. (જડતી લો એવો તો શબ્દ વપરાય નહીં નેં ?) તો દરેક મુસાફરની બેઠક નીચેથી એકાદું કેરીનું ખોખું અવશ્ય મળવાનું! કંડકટર અને ડ્રાઈવરની બેઠક પાસે તો ખોખાંનો મસમાટો પહાડ ખડકાઈ ગયો હોય. જયાં બસ અટકે ત્યાં કેરીઓના ઘરાક હાજર થઈ ગયા હોય. કેવી વિના ખર્ચની આંગળી સેવા !

કેરીઓ જેટલી જ એની વાતો પણ રસપ્રદ હોય છે. પરબ-૨૦૦૬ ના અંકમાં ધીરુ મોદીએ કેરીગાળો નામનો એક મજેદાર નિબંધ લખ્યો છે. જેમ કેરીઓ ઘોળી ઘોળી ચૂસવાની મજા આવે છે તેમ આ લેખ વારંવાર ફરી ફરી અટકી અટકીને વાંચવાની મજા પડાવે તેવો છે. આપને કયાંકથી મળી જાય તો જરૂરથી વાંચજો. જલસા પડી જશે!

આપણે બધા કાકાસાહેબ કાલેલકરને એક ઉત્તમ નિબંધકાર અને પ્રવાસ વર્ણનના લેખક તરીકે ઓળખીએ છીએ પણ તેમને લખેલું અવારનવાર પુસ્તક જે કોઈએ વાંચ્યું હશે તેઓ તો જાણતા જ હશે કે કાકાસાહેબે નાની નાની સુંદર વારતાઓ પણ લખી જાણે છે. તમને આશ્ચર્ય થશે પણ આ જ પુસ્તકમાં કાકાસાહેબ કાલેલકરે બે કેરીઓ નામનું એક સરસ મજાનું બાળનાટક લખ્યું છે. કદાચ આ આ તેમનું એકમાત્ર નાટક હશે.

તેમાં ઈશ્વરભાઈ અને નાનાભાઈ નાનમા બે સગાભાઈઓ વરસોથી એક ઘરમાં સંપીને રહેતા હોવાથી સમાજમાં અદેખા માણસો ભાઈઓની એકતામાં તડ પડાવવા પ્રયત્નો કરતા રહે છે. એક વાર મોટાભાઈ બંનેના બાળકો માટે કેરીઓ ખરીદે છે. શાળાઓથી પાછા ફરતા બાળકોને કેરીઓ આપવા મોટાભાઈ બે હાથમાં બે કેરીઓ લઈ ઊભા હોય છે. જમણાં હાથમાં મોટી કેરી હોય છે. ડાબા હાથમાંની કેરી નાની હોય છે. જમણી બાજુ નાના ભાઈનો પુત્ર મોહન આવતો હતો. ડાબી બાજુ મોટાભાઈનો દીકરો ધીરું આવતો હતો. બેઉ છોકરા જયારે કેરી લેવા હાથ લંબાવે છે. ત્યારે મોટાભાઈ પોતાના દીકરાને મોટી કેરી આપે છે અને નાના ભાઈના સંતાનને નાની કેરી આપે છે. આમ કરવા જતા તેમના હાથની આંટી પડી જાય છે. બરાબર એ જ સમયે નાનો કેરીની પેટી ઘરમાં મુકીને બહાર આવે છે. તે હાથની આંટી જુએ છે. પોતાના હાથની આંટી પાડીને બતાવી ચિડાઈને બોલે છે પણ ખરો. મોટાભાઈ; આજથી આપણું પણ આમ જ; મોટાભાઈ આશ્ચર્ય પામી પૂછે છે, આમ એટલે શું? ત્યારે નાનોભાઈ રોષથી પણ ધીમે ધીમે કહે છે, એટલે એ જ કહવે પછી આપણું ભેગું નહીં ભળે. હવે સાથે નહીં રહેવાય.

એક વાર મનમાં શંકા પ્રવેશ્યા પછી ધીમે ધીમે વાત વણસતા માંડે છે. નાનો ભાઈ જુઓ પડવા તત્પર છે. મોટો ઘરનો વહીવટ છોડવા માંગતો નથી. નાનાનો દીકરો ભણવામાં હોંશિયાર છે. નાનો તેને મુંબઈ ભણવા મોકલવા માંગે છે. મુંબઈમાં છોકરાઓ બગડી જાય એમ કહી મોટો અટકાવે છે. નાનો પોતાનો ભાગ લેવા ચતુરભાઈ વકીલનો સહારો લે છે. મોટાભાઈ પણ સારો વકીલ શોધે છે. સંયોગવશ મોટાભાઈ એ જ વકીલ પાસે જાય છે. જેની પાસે નાનો ભાઈ ગયો હતો. કોઈ પણ વકીલ બંને પક્ષના કેસ તો હાથમાં લે નહીં એટલે તે મોટાભાઈનો કેસ સ્વીકારતો નથી. મોટો ભાઈ નિરાશ થાય છે. વકીલ તેનો રસ્તો કાઢે છે. મોટાભાઈને તે પોતાના એક મિત્ર નરોત્તરમભાઈ પાસે મોકલે છે. એક ભલામણ ચિઠ્ઠી પણ લખી આપે છે. નવા વકીલ પાસે જતાં પહેલાં મોટાભાઈને ચિઠ્ઠીમાં શું લખ્યું છે જાણવાની ઈચ્છા થાય છે. રેલવે સ્ટેશન પર પરબીડિયું ખોલી અંદરનો કાગળ વાંચવા કોશિશ કરે છે. લખાણ અંગ્રેજીમાં હોવાથી વાંચી શકતા નથી.




સ્ટેશન પર આવેલ માસ્તરને વાંચવા વિનંતી કરે છે. માસ્ટર વાંચીને નવાઈ પામે છે કે આવો મજાનો કાગળ કોણે લખ્યો છે અને કોના માટે લખાયો છે. જે અંગ્રેજીમાં લખ્યું હતું કે મોટાભાઈને ગુજરાતીમાં કહે છે. કાકાસાહેબે અહીં અદ્ભૂત શબ્દો લખ્યા છે. જુઓ,

મારા વ્હાલા, નરોત્તમ, એક ખાસ્સી રસદાર કેરી આવી છે મારા હાથમાં. હું મોકલું છું તારી પાસે બીજી કેરી એ જ ઝાડની. એ ચૂસજે

અનુસંધાન પાના નં. ૭ પર

# શહાદતની સાલગીરા !

મિત્રો સાથે હાસ્ય અને હાસ્યવૃત્તિ અંગેની વાતો ચાલતી હતી ત્યારે ઘરમાં ભૂલથી મોટેથી બોલાઈ જવાયું - Laughter is my first love ! (હાસ્ય એ મારો પ્રથમ પ્રેમ છે!) ત્યારે મને ખ્યાલ પણ નહીં કે આ કથનના દુષ્પરિણામ માટે ભોગવવા પડશે ! કારણ કે થોડા સમય પછી લેખ લખવા બેઠો ત્યારે લખતાં લખતાં મને ચા પીવાની ઈચ્છા થઈ. (કારણ કે Tea is my second love ! - એટલે કે પત્ની ત્રીજા સ્થાને આવે !) એટલે મેં પત્નીને ચા બનાવવાનું કહ્યું તો જવાબ મલ્યો - 'ચા તો 'First Love' જ બનાવશે ને !' (અમને થયું કે પત્નીની કાંઈક ગેરસમજ થઈ લાગે છે! તે કદાચ એમ સમજ્યા હોવા જોઈએ કે 'Laughter' એ કોઈ 'એંગ્લો ઈન્ડિયન' લેડી હોવી જોઈએ !) ત્યારથી હું હાસ્ય જાહેરમાં તો શું ઘરમાં પણ બોલતો નથી ! આ વાત અહીં લખવાનું કારણ એ જ કે - કાશ્મીર સરહદે રોજેરોજ શહીદ થતા રહેલા આપણા વીર સૈનિકો. અંગેના સમાચાર ટીવી. પર જોઈને કે ન્યૂઝપેપરમાં વાંચીને આપણું લોહી ઉકળી ઊઠે છે. (કારણ કે એ વીર સૈનિકો સરહદ ઉપર છે તેથી જ આપણે એ.સી. હોલમાં બેઠાં બેઠાં 'બાહુબલી-૨' જોઈ શકીએ છીએ!) હવે આ ઉકળતા લોહીને ઠંડુ પાડવા હાસ્યવૃત્તિ કેળવવા સિવાય અત્યારે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી !

પરંતુ ના, બીજો વિકલ્પ છે -

આવો, હસીએ
ચિત્રસેન શાહ

- આપણે 'ડીફેન્સ' પૉલિસી છોડી ઓફેન્સીવ બનવું જોઈએ કારણ કે 'Offence is the best defence.'
- પાકિસ્તાન સામે તો ઠીક પરંતુ આપણા જ દેશદ્રોહી પથ્થરબાજો સામે પણ રોજે રોજ 'સર્જિકલ સ્ટ્રાઈક' કરવી જોઈએ ! ઈંટનો જવાબ પથ્થરથી અપાય પણ પથ્થરનો જવાબ તો સર્જિકલ સ્ટ્રાઈકથી જ અપાય !

તો જ પથ્થરબાજોની સાન ઠેકાણે આવશે! તેની પાંચ પેઢી સુધી કોઈ પથ્થરની નજીક પણ નહીં જાય !

- એક પથ્થરબાજને જીપ સાથે બાંધનાર બહાદુર સંરક્ષણ અધિકારી ગોગોઈનું દરેક સ્ટેટમાં સન્માન થવું જોઈએ! તેના બદલે તેણે બિચારને પોતાના આ કાર્ય માટે 'ખુલાસા' આપવા પડે છે! (માનવ અધિકારવાદી મૂર્ખાઓ સામે!)
- આપણા નરરત્ન 'ઈસરો' ને જો આ સંરક્ષણ ક્ષેત્રે જોડી દીધું હોય તો ચોક્કસ સારા પરિણામ મળે. એક સાથે ૧૪૦ ઉપગ્રહો છોડનાર 'ઈશરો'ના બાહોશ સાયન્ટીસ્ટો ચોક્કસપણે આપણા બે સૈનિકોના માથાને બદલે પાકિસ્તાન આર્મીના ૧૪૦ સૈનિકોનાં માથાં લાવી આપે !

પરંતુ આ બધું રાજકીય ઈચ્છાશક્તિ વડે થાય ત્યાં સુધી આપણા 'ઉકળતા' લોહીને ઠંડુ રાખવા 'ફીજ' ની જરૂરિયાત છે! અને તે 'ફ્રીજ' છે - હાસ્યવૃત્તિ કે હળવાશની ક્ષણો !

તો ચાલો હવે એ રસ્તે !

- હસતાં માણસની સોબત એક દુકાન જેવી છે સાહેબ,
  કશું જ ના ખરીદીએ તો પણ સુગંધ તો મળે જ !
- એક જગ્યાએ 'તીનપત્તી'ની મહેફિલ જામી હતી ! એક ભાઈ પોતાની ગેઈમ ઓપન કરતા બોલી ઉઠ્યા - 'તીન તલ્લાક!'

હમણાં ટી.વી. ચેનલોમાં 'તીન તલ્લાક!'ની ચર્ચા ચોવીસે કલાક ચાલ્યા કરતી હોય છે તેથી તે ભાઈથી 'તીન એક્કા' ને બદલે ભૂલતી બોલાઈ જવાયું - 'તીન તલ્લાક!'

અનુસંધાન પાના નં. ૭ પર

# જેવા વિચાર કરશો તેવા તમે થવાના, દિલના વિચાર નક્કી જીવન બની જવાના !

છાંયડાની ખોજમાં આ જિંદગી કાઢી નાખી,
રોજ નમતી ડાળને કારણ વગર વાઢી નાખી!

જીવનનો આનંદ વ્યક્તિના વિચારો પર આધારિત છે. વ્યક્તિ કેવું વિચારે છે તેના પરથી તેનું ભાગ્ય અને પરિસ્થિતિનું નિર્માણ થાય છે. પહેરવાના કપડાં અને ગમતીલી વસ્તુ માટે જેટલી કાળજી રાખીએ છીએ એવી કાળજી કદી વિચારો વિશે રાખી છે ખરી ?! સારા દેખાવ માટે તો ખૂબ મથીએ છીએ પણ... સારા બનવા વિચારીએ છીએ ખરા??? આજનો વ્યક્તિ વ્યસ્ત અને ત્રસ્ત છે...

'જેવા વિચાર કરશો તેવા તમે થવાના,
દિલના વિચાર નક્કી જીવન બની જવાના !'

દોસ્તો !

એક ભાઈ બગીચાના બાંકડે બેઠા હતા. પાસે એક બેગ હતી. મુલ્લા નસીરુદ્દીન બગીચામાં ટહેલતા ટહેલતા એમની પાસે આવ્યા અને બોલ્યા, 'બહારના માણસ લાગો છો. તમને કયારેક જોયા નથી.' ભાઈ બોલ્યા, 'હા, હું દૂરના શહેરમાં રહું છું. મારી પાસે બધું છે, પૈસા છે, બંગલો છે. પ્રેમાળ પરિવાર છે છતાં જીવનમાં મને રસ નથી પડી રહ્યો છે. એટલે થોડા દિવસની રજા પાડીને 'મજા પડે એવું કંઈક' શોધવા નીકળ્યો છું. હું સુખ શોધી રહ્યો છું.'

મુલ્લા કંઈ બોલવાને બદલે એ ભાઈની બેગ આંચકીને ભાગ્યા. પેલો માણસ પણ પાછળ દોડ્યો. મુલ્લા દોડમાં પાક્કા. એટલે ખાસ્સા આગળ નીકળી ગયા. પેલો માણસ હાંફતો હાંફતો એમની પાછળ દોડ્યો. બે કિલોમીટર દોડ્યા બાદ મુલ્લા રસ્તાને કિરે એક બાંકડા પર બેસી ગયા...

થોડીવાર પછી પેલો માણસ હાંફતો - હાંફતો પહોંચ્યો. એણે તરાપ મારીને પોતાની બેગ લઈ લીધી. બેગ મળી ગયાનો આનંદ એના ચહેરા પર પ્રગટ્યો એની બીજી જ પળે એણે ગુસ્સાથી મુલ્લાને કહ્યું, 'મારી બૅગ લઈને કેમ ભાગ્યા ?'

મુલ્લા : 'કેમ વળી? તમે સુખ શોધવા નીકળ્યા છો. તો બોલો, બેગ પાછી મળી જતાં તમને સુખની લાગણી થઈ કે નહીં ? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી...'

મિત્રો... આપણામાંના મોટા ભાગના લોકો પણ થોડા અંશે પાલ માણસ જેવા હોઈએ છીએ. જે કંઈ આપણી પાસે છે એમાંથી ઝાઝું સુખ નથી મળતું પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે... આવું શા માટે ?

એટલે હવે પછી જયારે મૂડ સારો ન હોય ત્યારે ઘરમાંની બધી જ ચીજવસ્તુઓને શાંતિથી નિરખવી એ પછી વિચારવું કે આ વસ્તુ જો મારી પાસે ન હોય તો કેટલી તકલીફ પડે?

કડકડતી ઠંડીમાં એક અત્યંત ગરીબ માતા પોતાના બાળકોના શરીર પર છાયાં પાથરી એના પર ઘાસ ઓઢાણીને સૂવડાવી રહી હતી ત્યારે એના નાના ટેણિયા દીકરાને ભાઈએ પૂછ્યું, 'હેં ભાઈ ! જે લોકો પાસે છાંયો અને ઘાસ નહીં હોય એમની કેવી ખરાબ હાલત થઈ હશે ! આપણી પાસે ઘાસ અને છાપાંથી તો ઘણી સારી વસ્તુઓ ઘરમાં હોય છે. એટલે હવે કયારેક હું સુખી નથી... મારી પાસે આ નથી... મારી પાસે તે નથી... એવું લાગે ત્યારે એક નજર જે કંઈ આપણી પાસે છે તેના પર નાખી જોવી...'

જેમ કે, મારું આ લખાણ તમે સમાચારપત્રમાં વાંચી શકો છો તેના પરથી બે મહત્ત્વની બાબત સાબિત થાય કે એક તમે ગરીબ નથી... કોન્ગ્રેટ્સ અને બીજું કે તમે શાંતિથી નિરાંતે વાંચી શકો છો મતલબ એ કે તમે અત્યંત માંદા નથી. ઔર જીને કો કયા ચાહિયે ? જેના વિના એક ક્ષણ પણ ન જીવી શકાય એવો ઑકિસજન હવામાં હાજર છે... તો પછી છોડો ફરિયાદો અને આભાર માનો ઈશ્વરનો... નસીબનો... પુરુષાર્થનો... કે જીવન મસ્ત છે !!!




સ્પર્શમણિ

રવિ એટલે તેજ, ગભરામણ, ગરમી. ધર્મ પાળવા માટે, પવિત્ર કર્મ કરવા માટે જે સહન કરે તેને સોમ મળે. સોમ એટલે શીતળતા, શાંતિ આવે. જેને શાંતિ આવે તેનું મંગળ થવાનું. મંગળ થયા પછી બુધ એટલે ડાહ્યો માણસ થવાનો. એ ડાહ્ય થયો એ ગુરુ થવાનો. લોકો તેને ગુરુ કરવાના. ગુરુ પછી શુક્ર એટલે જો એ સ્વાર્થ કરવા બેઠો તો પછી શનિ આવવાનો. શનિ એટલે સાડા સાતની પનોતી થવાની.

\- કરસનદાસ માણેક

\- rasikvaland1965@gmail.com